**ક્રિમીનલ કેસ નં.૧૩–૨૦૧૨ ના કામે આંક–૧ તળે હુકમ:–**

આજરોજ પોકાર કરતાં ફરીયાદી અને આરોપી અથવા તેઓના તરફે તેમના વિ.વકીલશ્રી હાજર નથી. ફરીયાદીને આંક–૩ નોટીસ/સમન્સ કાઢેલ છે. સદર નોટીસ/સમન્સ બજે/વગર બજે પરત આવેલ છે અને નોટીસ / સમન્સના શેરામાં જણાવેલ છે કે, સદર ફરીયાદીએ જે સરનામું ફરીયાદમાં બતાવેલ છે, ત્યાં પૃચ્છા કરતાં મળી આવેલ નથી. ફરીયાદીને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં મુદતના રોજ હાજર રહેતાં ન હોઈ, ફરીયાદી તેમજ આરોપીને સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં રસ ન હોવાનું કેસનું રેકર્ડ જોતાં જણાંઈ આવે છે. સદર કામ ખુબ જ જુનું છે અને સદર કામે પ્રોસીડીંગ જોતાં ઘણાં લાંબા સમયથી સદર કામમાં ફરીયાદી નોટીસ/સમન્સ કાઢેલ હોવા છતાં હાજર રહેતા નથી.

આમ, સદર કામ સને ૨૦૧૨માં દાખલ થયેલ હોઈ લગભગ ૦૬ વર્ષ જુનું છે અને ફરીયાદી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અને નોટીસ/સમન્સ કાઢવા છતાં હાજર હાજર રહેતા ન હોઈ, ફરીયાદીને સદર કામ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોવાનું રેકર્ડ ઉપરથી જણાંઈ આવે છે. જેથી ફરીયાદીની સતત ગેરહાજરીને કારણ સદર કામ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરેલ છે.

તા.૧૯–૦૯–૨૦૧૮
અમદાવાદ.

(એમ. જે. ખોજજાદા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ને.ઈ.એકટ કોર્ટ નં.૩૩,
અમદાવાદ.
(કોડ નં.જીજે–૦૧૦૨૦)